વાર્ષિકોત્સવ : શહેરની જાણીતી શિક્ષણ સંસ્થા સેંડ ઝેવિયર્સ સ્કૂલના વાર્ષિકોત્સવ ભારે ઉલ્લાસપૂર્વક ઉજવાયો હતો. શનિવારે ટાઉનહોલ ખાતે પ્રાથમિક અને માધ્યમિક શાળાના બાળકો દ્વારા સાંસ્કૃતિક અભિવ્યક્તિ યોજાઈ હતી. અવનવા નૃત્ય શૈલીની ઝમકદાર રજૂઆતથી આમંત્રીતો અને વાલીઓ મંત્રમુગ્ધ બન્યા હતા.આ પ્રસંગે રાજ્યના મુખ્ય સચિવ ડૉ. જે. એન. સિંઘના વરદહસ્તે દિપપ્રાગટ્ય તથા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરાયું હતું. શાળાના આચાર્ય ફાધર દુરાઈએ શાળાની ગતિ-પ્રગતિનો અહેવાલ વાંચ્યો હતો.

અમદાવાદમાં સવા ૩૫ ફુટ ઉંચા શિવલિંગનું અનાવરણ

આજથી ૬ઠ્ઠી માર્ચ સુધી જનતા દર્શનનો લાભ લઇ શકશે મહાશિવરાત્રિ મહોત્સવ સહિતના અનેક કાર્યક્રમો યોજાશે : ૨૭ લાખ રૂદ્રાક્ષમાંથી ભવ્ય શિવલિંગનું નિર્માણ

અમદાવાદ, તા.૨૫

અમદાવાદની પવિત્ર ધરતી પર મહાશિવરાત્રી મહોત્સવ સમિતીના તત્વાધાનમાં ભારતની ભવ્ય આધ્યાત્મિક, વૈદિક અને સનાતન સંસ્કૃતિને ઉજાગર કરતો અને નવજીવન ફાઉન્ડેશનનાં અંગદાનના પવિત્ર વૈદકીય સેવા પ્રકલ્પને સાકાર કરવાના પવિત્ર ઉદ્દેશથી મહાશિવરાત્રી મહોત્સવનું દિવ્ય આયોજન કરવામાં આવ્યુ છે. જેના ભાગરૂપે શહેરના એસ.જી.હાઇવે પર ઝાયડસ હોસ્પિટલની બાજુમાં ગણેશ ગ્રાઉન્ડના કૈલાશ માનસરોવર ધામ ખાતે આવતીકાલે ૨૭ લાખ રૂદ્રાક્ષની મદદથી તૈયાર કરાયેલા સવા ૩૫ ફુટ ઉંચુ વિશ્વના સૌથી ઉંચા મહાશિવલિંગની અનાવરણ વિધિ કરવામાં આવશે(દર્શનાર્થે ખૂલ્લું મૂકાશે). વિશ્વના સૌથી ઉંચા મહાશિવલિંગને લઇ અમદાવાદના આંગણે એક નવો જ અને અનોખો રેકોર્ડ બનશે. રુદ્રાક્ષ મહાશિવલિંગ પરંપરાના સર્જક અને જાણીતા શિવકથાકાર શ્રી બટુકભાઈ વ્યાસના નેજા હેઠળ તા.તા.૨૬મી ફેબ્રુઆરીથી તા.૬ઠ્ઠી માર્ચ દરમ્યાન ૨૧ પોથી શિવકથા, ૨૧ કુંડી મહારૂદ્ર યજ્ઞ સહિતના અનેક ધાર્મિક કાર્યક્રમો પણ યોજાશે. આવતીકાલે તા.૨૬મી ફેબ્રુઆરીએ સવારે ૮-૦૦ વાગે ભવ્ય શોભાયાત્રા શ્રી દિપકભાઈ જી. પટેલ તથા શ્રી શેખરભાઈ જી. પટેલ સહિતના શ્રધ્ધાળુઓની સાથે હર હર મહાદેવના જય ઘોષ સાથે શ્રી ગણેશ કોર્પોરેટ હાઉસ, ૧૦૦ ફુટ હેબતપુર - થલતેજ રોડ, સોલા બ્રિજ પાસે, એસ. જી. હાઈવેથી નીકળી કથાસ્થળે પહોચશે. ત્યારબાદ સ્થાપિત દેવતાઓનું પૂજન, ૨૧ કુંડી મહારુદ્ર યજ્ઞનો આરંભ અને ત્યારબાદ સવારે ૧૦:૩૦ કલાકે આમંત્રિત સંતો તથા મહાનુભાવાના કરકમલો દ્વારા વિશ્વનાં સૌથી ઉંચા રુદ્રાક્ષ મહાશિવલિંગજીનું અનાવરણ કરી દર્શન અભિષેક માટે ખુલ્લુ મુકવામા આવશે. અનાવરણ બાદ તા. ૬ માર્ચ બુધવાર સુધી દરરોજ સવારે ૮-૦૦ થી રાત્રે ૮-૦૦ દર્શન અભિષેકનો લાભ લઈ શકશે. બપોરે ૩-૦૦ વાગ્યે શિવકથાનો આરંભ કરવામાં આવશે. વિખ્યાત શિવ કથાકાર શ્રી બટુકભાઈ વ્યાસ દ્વારા જીવને શિવ તરફ ગતી કરાવતી શિવકથાનું સંગીતમય શૈલીમાં રસપાન કરાવાશે. સાંજે ૬-૩૦ કલાકે ૧૦૮ દિવાની ભવ્ય રુદ્રાક્ષ મહાશિવલિંગ આરતી કરવામાં આવશે. તા. ૨૭ ફેબ્રુ.થી તા.૬ માર્ચ દરમ્યાન પ્રતિદિન સવારે ૮-૦૦ કલાકે મહાશિવલિંગજી સન્મુખ સમૂહ રુદ્રાભિષેક કરવામા આવશે અને પ્રતિદિન સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ મહારુદ્ર યજ્ઞ, પ્રતિદિન સાંજે ૩-૦૦ થી ૬-૦૦ શિવકથાનું રસપાન અને સાંજે ૬-૩૦ કલાકે રુદ્રાક્ષ મહાશિવલિંગજીની મહાઆરતી કરવામાં આવશે. રૂદ્રાક્ષના આ મહાકુંભ સમા ઐતિહાસિક ધાર્મિક પ્રસંગને લઇ જાણીતા શિવકથાકાર શ્રી બટુકભાઈ વ્યાસે જણાવ્યું હતું કે, એક રૂદ્રાક્ષ એટલે એક શિવલિંગ કહેવાય. ૨૭ લાખ રૂદ્રાક્ષમાંથી આ સવા ૩૫ ફુટ ઉંચું મહાશિવલિંગ બનવાથી લાખો શ્રધ્ધાળુ ભકતજનોને માત્ર એક લોટા જળથી ૨૭ લાખના જળાભિષેક કરવાનો અનોખો પુણ્યયોગ પ્રાપ્ત થશે.

કોંગ્રેસની જનસંકલ્પ રેલીને લઈને હાલ તડામાર તૈયારી

લોકસભા ચૂંટણીને લઇને કોંગ્રેસ દ્વારા તૈયારી હાથ ધરાઈ રેલી તેમજ કાર્યક્રમમાં લાખો લોકો પહોંચે તેવી સંભાવના

આગામી તા.૨૮મી ફેબ્રુઆરીએ ગાંધીનગરના અડાલજ ત્રિમંદિર ખાતે કોંગ્રેસની જન સંકલ્પ રેલી યોજાશે. આ રેલીમાં ગાંધી પરિવારના ત્રણેય સભ્યો સોનિયા ગાંધી, પ્રિયંકા ગાંધી અને રાહુલ ગાંધી એકસાથે એકમંચ પર હાજર રહેશે, ગુજરાતમાં લોકસભાની ચૂંટણી માટે પ્રચારના દ્રષ્ટિકોણથી બહુ મહત્વની અને નોંધનીય ઘટના ગણાશે. ત્રણેય નેતાઓની હાજરીને લઈને એસપીજી સહિતની સુરક્ષા એજન્સીઓએ પણ આજે ત્રિમંદિર નજીક મેદાનમાં પહોચીને સુરક્ષા વ્યવસ્થાનું નીરીક્ષણ અને ખરાઈ કર્યા હતા. રાષ્ટ્રીય કક્ષાના આ કાર્યક્રમમાં કોંગ્રેસના દિગ્ગજ અને રાષ્ટ્રીય મહાનુભાવો આવવાના હોવાથી અને લાખો લોકો ઉમટવાના હોવાથી સુરક્ષાને લઇ લોખંડી બંદોબસ્ત કરવામાં આવ્યો છે. એસપીજી, સ્થાનિક પોલીસ સહિતની સુરક્ષા ટીમના અધિકારીઓ આજે અડાલજ ત્રિમંદિર પાસે સભા સ્થળનું નિરીક્ષણ કરવા માટે અહીં પહોંચ્યા હતા. બીજી તરફ ગુજરાત કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા સહિતના કોંગ્રેસના સ્થાનિક નેતાઓએ પણ અહીં રૂબરૂ મુલાકાત લઇ સ્થળ તપાસ અને તૈયારીઓની જાતમાહિતી મેળવી હતી. ગુજરાતમાં લોકસભાની ચૂંટણીને લઇ કોંગ્રેસના પ્રચારકાર્યના પ્રારંભે બહુ વિશાળ અને મોટી જાહેરસભાને ખુદ સોનિયા ગાંધી, રાહુલ અને પ્રિયંકા ગાંધી સંબોધન કરશે. ત્રણેય નેતાઓ ઉપરાંત પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંઘ પણ આ રેલીને સંબોધન કરશે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ આ સમગ્ર મામલે જણાવ્યું હતું કે, આ રેલીમાં ખેડૂતોના દેવા માફી, યુવાનોને રોજગારીનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવશે. એટલું જ નહીં આ રેલીમાં કોંગ્રેસ શાસિત ચાર રાજ્યોના મુખ્યમંત્રીઓ પણ હાજર રહેશે. હાલ આ અંગે પૂરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે. તૈયારીના ભાગરૂપે જ એસપીજીની ટીમ તપાસ માટે અહીં આવી છે. દેશની સ્થિત બદલવા માટે કોંગ્રેસ વર્કિંગ કમીટીની બેઠક સને ૧૯૬૦ બાદ સૌપ્રથમવાર ગુજરાતમાં મળી રહી છે અને તેમાં આગામી લોકસભાની ચૂંટણીને લઇ રણનીતિ સહિતની રૂપરેખા તૈયાર કરવામાં આવશે અને મહત્વના નિર્ણયો લેવાશે. કોંગ્રેસ દ્વારા ગુજરાતમાં ખેડૂતો, બેરોજગારો, મહિલાઓની સુરક્ષા, પીવાના પાણી, એકસમાન વેતન સહિતના અનેકવિધ મુદ્દાઓને લઇ મહત્વના ઠરાવો પણ પસાર કરવામાં આવશે અને આ મુદ્દાઓને રાષ્ટ્રીય ફલક પર ઉજાગર કરી ભાજપ સરકાર અને મોદી સરકારની પોલ ખોલવાનો પ્રચાર દરમ્યાન પ્રયાસ કરવામાં આવશે.

વનબંધુ પ્રત્યે રૂપાણીનો સંવેદનાસ્પર્શી નિર્ણય

ગાંધીનગર,તા.૨૫

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ હેઠળ સર્વોચ્ચ અદાલતે નામંજૂર કરેલા દાવાઓનો અભ્યાસ કરી રીવ્યૂ પિટીશન દાખલ કરવાનો રાજ્યના વનબંધુઓના વિશાળ હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીએ આ હેતુસર એક ઉચ્ચસ્તરીય સમિતિનું ગઠન કરવા પણ સૂચવ્યું છે. અત્રે એ નિર્દેશ કરવો આવશ્યક છે કે, અંતરિયાળ વિસ્તારમાં વસતા વનબંધુઓ કાયદાકીય પ્રક્રીયાથી અજાણ હોય તેમજ આ કારણોથી પોતાને મળવાપાત્ર અધિકારોથી વંચિત રહી ગયા હોય તેવા સંજોગોમાં રાજ્ય સરકારે આ છેવાડાના વનબંધુ પરિવારો પ્રત્યે સંપૂર્ણ સંવેદના દાખવી છે. મુખ્યમંત્રીએ વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ હેઠળ એક પણ સાચો લાભાર્થી વનબંધુ તેના અધિકારથી વંચિત ન રહે તેવા વનબંધુ કલ્યાણલક્ષી

રાજ્યમાં સ્વાઈન ફ્લુ બેકાબૂ બેના મોત, મૃત્યુઆંક ૯૦ થયો

અમદાવાદમાં છેલ્લા ૨૩ દિવસમાં જ ૧૭ના મોત અને કેસોની સંખ્યા અમદાવાદ શહેરમાં ૬૧૨ સુધી રહી

અમદાવાદ, તા. ૨૫

સ્વાઈન ફ્લુના કારણે મોતનો આંકડો ઝડપથી વધી રહ્યો છે. આજે વધુ બે લોકોના મોત થયા હતા અને મોટી સંખ્યામાં કેસો સપાટી ઉપર આવ્યા હતા. વડોદરામાં બે લોકોના મોત થતાં મોતનો આંકડો વધીને ૯૦ ઉપર પહોંચી ગયો હતો. બીજી બાજુ એકલા વડોદરામાં છ કેસ સપાટી ઉપર આવ્યા છે. અમદાવાદમાં છેલ્લા ૨૩ દિવસના ગાળામાં જ સ્વાઈન ફ્લુના કારણે ૧૭ લોકોના મોત થઈ ચુક્યા છે. એકલા અમદાવાદમાં કેસોની સંખ્યા ૬૧૨ ઉપર પહોંચી ગઈ છે. સ્વાઈન ફ્લુને રોકવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જુદી જુદી વ્યવસ્થાઓ પણ કરવામાં આવી છે. ગુજરાત સરકાર દ્વારા તમામ સરકારી હોસ્પિટલોમાં આઈસોલેશન વોર્ડ શરૂ કરવા સાથે દર્દીઓને વિના મૂલ્ય સારવાર આપવામાં આવી રહી છે. ભારત સરકાર દ્વારા પણ સ્વાઈન ફ્લુને લઈને આંકડા જારી કરવામાં આવ્યા છે. સારવાર હેઠળ રહેલા દર્દીઓની સંખ્યામાં પણ રોકેટગતિએ વધારો થઈ રહ્યો છે. અમદાવાદમાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યામાં સૌથી વધુ વધારો થઈ રહ્યો છે. સ્વાઈન ફ્લુથી ગ્રસ્ત વિસ્તારોમાં સુરત, વડોદરા, રાજકોટ, જુનાગઢ, ગાંધીનગરનો પણ સમાવેશ થાય છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં સૌથી વધુ કેસો નોંધાઈ રહ્યા છે.

અમદાવાદમાં કેસોની સંખ્યા ૬૧૨ સુધી પહોંચી છે જ્યારે ૨૩ દિવસના ગાળામાં ૧૭ લોકોના મોત થયા છે. છેલ્લા ૪૮ કલાકમાં ત્રણ લોકોના મોત અમદાવાદમાં થયા છે. ગુજરાતમાં સ્વાઈન ફ્લુનો કાળોકેર યથાવતરીતે જારી રહ્યો છે. એક જ દિવસમાં આટલી મોટી સંખ્યામાં કેસો સપાટી ઉપર આવતા તંત્ર ચિંતાતુર બનેલું છે. ગુજરાતમાં સ્વાઈન ફ્લુનો કાળો કેર જારી રહ્યો છે. રાજ્યમાં દરરોજ સેંકડો નવા કેસો સપાટી ઉપર આવી રહ્યા છે. તંત્ર દ્વારા લેવામાં આવી રહેલા સાવચેતીના તમામ પગલાં બિનઅસરકારક દેખાઈ રહ્યા છે. આ વર્ષે સ્વાઈન ફ્લુ ગ્રસ્ત કેસોની સંખ્યા ૨૬૦૦થી વધુના આંકડાને પણ પાર કરી ગઈ છે. મોતનો આંકડો પણ રોકેટગતિએ વધીને ૯૦ ઉપર પહોંચી ગયો છે. બિનસત્તાવાર રીતે કેસોની સંખ્યા ૨૬૫૦ની આસપાસ પહોંચી છે. આની સાથે જ પહેલી જાન્યુઆરી બાદથી હજુ સુધી રાજ્યમાં સ્વાઈન ફ્લુના કુલ દર્દીઓની સંખ્યા ૨૬૦૦થી વધુ પહોંચી છે.

મોતનો આંકડો રેકોર્ડ ગતિએ વધી રહ્યો છે. અમદાવાદ મનપા ક્ષેત્રમાં સ્વાઈન ફ્લુના દર્દી સૌથી વધુ નોંધાયા છે. એકલા અમદાવાદમાં મોતનો આંકડો ૧૯ ઉપર પહોંચી ગયો છે. અમદાવાદમાં છેલ્લા ૨૩ દિવસમાં ૧૭ના મોત થયા છે. આરોગ્ય વિભાગના કહેવા મુજબ ગુજરાતમાં ૧૬૦૦થી વધુ દર્દીઓ સારવાર લીધા બાદ સ્વસ્થ થઈ ચુક્યા છે. હજુ ૭૪૦થી વધુ લોકો જુદી જુદી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

શહેરના સેક્ટર-૨૧ શાકમાર્કેટના વેપારી મિત્રમંડળ દ્વારા શહિદોના માનમાં વિનામૂલ્યે શાકભાજીનું વિતરણ કરવામાં આવ્યું હતું. શાકમાર્કેટ ખાતે શાકભાજીની ખરીદી કરવા આવેલા બહેનોને વિવિધ શાકભાજી કપડાની બેગમાં ભરીને આપવામાં આવતી હતી.

વાહનોમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્થિતિમાં છે.જેમાં ઘરમાં પડી રહેલા વાહનોની સંખ્યા પણ વિશેષ છે. હાલની સ્થિતિએ અંદાજિત ૭ લાખ જેટલા વાહનોમાં એચ એસ આર પી નંબર પ્લેટ ફીટ કરવાના બાકી હોવાનુ પણ આર ટી ઓ તંત્રએ જણાંવ્યુ છે. જિલ્લામાં હજુ અંદાજિત ૭ લાખ જેટલા વાહનો એચ એસ આર પી નંબર પ્લેટ વિના જ ફરી રહ્યા છે. આ સ્થિતિને અનુલક્ષી આર ટી ઓ કચેરી દ્વારા આગામી દિવસોમાં એચ એસ આર પી નંબર પ્લેટ ફીટ કરવાની કામગીરી વધુ તેજ બનાવાશે. જયારે આ માટે વિશેષરૂપે જુના વાહનોને આવરી લેવા માટે પણ અભિયાન હાથ ધરાશે.

આયુષ્યમાન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તંત્રમાં ઉદાસીનતાનો માહોલ છવાતાં જિલ્લામાં કામગીરી નબળી પડવા પામી છે.

જિલ્લામાં આ યોજનાના લાભાર્થીઓની યાદી અલગ કરી અને આપવામાં આવતી ન હોવાથી હોસ્પિટલોમાં દર્દીઓ અટવાઈ પડ્યાની વાતો પણ ચર્ચામાં આવી રહી છે. ઘણી બધી જગ્યાએ કોમન સર્વિસ સેન્ટર પર જિલ્લાની આખી યાદી નહિ પણ રાજ્યની યાદી અપાઈ છે અને તેમાંથી નામ શોધવાની તકલીફો પડતી હોવાની રજુઆત પણ જિલ્લાકક્ષાએ કરવામાં આવી હોવા છતાં તંત્ર દ્વારા તેનો કોઈ સકારાત્મક પ્રતિસાદ આપવામાં ન આવ્યો હોવાની વાતો પણ ખાનગી ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ પાસેથી સાંભળવા મળી છે.

આ યોજનાના આરંભે આરોગ્ય કમિશનર જયંતિ રવિએ ભારે ઉત્સાહ દાખવ્યો હતો પરંતુ હવે તેમના ત્યાંથી પણ મોનીટરીંગ નબળુ થઈ રહ્યુ છે. આ નબળી કામગીરીની સીધી અસર એસ્પીરેશનલ ડિસ્ટ્રીક્ટ તરીકેની કામગીરી પર પણ પડી રહી છે અને તેને કારણે જિલ્લાનો ક્રમ પાછળ જતો રહ્યો છે.

આગાહી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દ્વારકા, સાબરકાંઠા, બનાસકાંઠામાં વરસાદી ઝાપટા પડી શકે છે. આ ઉપરાંત દક્ષિણ ગુજરાતમાં પણ હળવો વરસાદ થઈ શકે છે. હવામાન વિભાગ તરફથી જણાવવામાં આવ્યું છે કે આવતીકાલે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૭ ડિગ્રી રહી શકે છે. આજે અમદાવાદમાં પારો ૧૬ ડિગ્રી રહ્યો હતો. હિમાચલપ્રદેશ અને જમ્મુ-કાશ્મીરમાં નવેસરથી હિમવર્ષા થયા બાદ આ રાજ્યોમાં ચારેબાજુ બરફની ચાદરની સાથે સાથે તેની અસર અન્યત્ર દેશમાં થઈ છે. આની અસર ગુજરાતમાં પણ જોવા મળી છે. તંત્રનું કહેવું છે કે આગામી બે દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં કોઈ ફેરફાર થશે નહીં પરંતુ ઠંડીનો ચમકારો ફરી એકવાર શિવરાત્રીની આસપાસ અનુભવાય તેમ માનવામાં આવે છે. સિઝનલ ફ્લુ એટલે કે સ્વાઈન ફ્લુનો આતંક મચેલો છે ત્યારે તાપમાનમાં પણ જોરદાર ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે. હિમાચલ પ્રદેશ અને આસપાસના વિસ્તારોમાં હિમવર્ષા વચ્ચે દેશના મેદાની ભાગોમાં પણ ફરી એકવાર ઠંડીનો તબક્કો આવી શકે છે. ખાસ કરીને શિવરાત્રિની આસપાસ ફરી એકવાર ઠંડીનો ચમકારો જોવા મળી શકે છે. જો વરસાદ પડશે તો ખેડૂતોને નુકસાન થવાની સંભાવના પણ રહેલી છે. તંત્રની આગાહીથી ખેડૂત સમુદાય ચિંતાતુર છે.

યુદ્ધ સ્મારક

● અનુસંધાન પહેલાનું ચાલુ

દેશના રક્ષામંત્રી નિર્મલા સીતારમણ પણ આ કાર્યક્રમમાં જોડાયા છે. સાથે જ મોટી સંખ્યામાં સેનાના અલગ-અલગ વિભાગના પૂર્વ સૈનિકો પણ આ કાર્યક્રમનો ભાગ બન્યા છે.

આ કાર્યક્રમમાં સેનાને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી જણાવે છે કે આપણી સેના દુનિયાની તાકતવર સેનાઓ માની એક સેના છે. સૈનિકો દ્વારા દરેક હુમલાનો વાર પોતાના પર લીધો અને તેનો વળતો જવાબ પણ આપ્યો. આ સીવાય સૈનિકોની બાહદૂરીના વખાણ કરવા સાથે જ તેમણે પુલવામા જિલ્લામાં થેયલા આતંકવાદી હુમલામાં શહીદ થયેલા જવાનોને પણ નમન કર્યા હતા.

આ કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે દેશમાં આ પ્રકારનું એક સ્મારક બનાવવા માટે છેલ્લા કેટલાક દશકોથી માગ ઉઠી રહી હતી. આ બાબતે એક-બે વાર પ્રયત્નો થયા પણ કોઈ ખાસ રંગ લાવી શક્યું નહીં. તેમણે આ સીવાય જણાવ્યું હતું કે લોકોના આર્શીવાદથી અમારી સરકાર સત્તામાં આવ્યા બાદ અમે આ સ્મારક બનાવવા માટેની પ્રક્રિયા શરૂ કરી અને આજે પરિણામ તમારી સામે છે. આ સંકલ્પથી સિદ્ધીનું પણ પ્રતીક છે. મોદીએ કોંગ્રેસનું નામ લીધા વગર ગત સરકાર પર નિશાન સાધ્યું હતું. તેઓએ કહ્યું કે સૈનિકોની સાથે ગત સરકારે અન્ય કર્યો કેમકે તેમના માટે માત્ર એક પરિવાર પહેલો હતો. આ કાર્યક્રમમાં સભાને સંબોધતા વડાપ્રધાન જણાવે છે કે પહેલા જે કામોને અસંભવ ગણાવામાં આવતા હતા, તેવા કામોને અમે સંભવ બનાવવાની દિશામાં આગળ વધી રહ્યા છીએ. આ સીવાય વડાપ્રધાને દેશના લોકોની સેવા માટે એક નહીં, પરંતુ ત્રણ સુપર સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ બનાવવાની પણ જાહેરાત કરી દીધી છે. વડાપ્રધાન મોદીએ આ કાર્યક્રમમાં સેનાને કેન્દ્રમાં લઈને જણાવ્યું હતું કે દેશની સેનાને આત્મનિર્ભર બનાવવાની દિશામાં પણ અમારી સરકાર સતત કામ કરી રહી છે. આ સીવાય દેશની સુરક્ષાને લગતા પાયા એટલેકે સુરક્ષા ઉત્પાદનની કેટલીક ઈકો-સિસ્ટમમાં પણ પરિવર્તન લાવવાની શરૂઆત કરી દેવામાં આવી છે.

ખતરો

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યા. પરંતુ અજાણી બોટોને કોઈ તપાસતું નથી. જેના કારણે સોમનાથ મંદિરથી લઈ વેરાવળ બંદર પર હુમલા થવાની શક્યતા વધી ગઈ છે. ફિશરિઝ લેન્ડમાં વેરાવળ મરિન પોલીસની ૧૨ નોટિકલ માઈલની સુરક્ષાની જવાબદારી છે. ગુજરાતની બોટોને ચેક કરવામાં આવે છે પણ અજાણી બોટોને ઘુસવા માટે કોસ્ટગાર્ડ, મરિન પોલીસ કે ફિશરિઝની મંજૂરી લેવાની જરૂર લાગતી નથી. જે જગ્યા પર અજાણી બોટો આંટા મારે છે ત્યાં ટ્રકો બંધ દારૂ પણ ઉતરી ચૂક્યા છે. આ માધ્યમથી મહારાષ્ટ્ર, ગોવા, તમિલનાડુ, કર્ણાટક જેવા રાજ્યોને, ગુજરાતમાં વેરાવળ સિવાય કોઈ જગ્યાએ બોટ લઈ નહીં જઈ શકાય તેનો ખ્યાલ છે.

આ બંદર પરથી સૌથી વધુ નિકાસ થાય છે. અહીં લાખો લોકો કામ કરે છે અને સોમનાથ જેવા યાત્રિક સ્થળ છે પણ તેની સુરક્ષાની જવાબદારી કોની? આતંકી હુમલા માટે સૌરાષ્ટ્રના દરિયા કિનારો સરળ રસ્તો છે. તે અગાઉ પણ આપણે જોઈ લીધુ છે. મુંબઈ હુમલા વખતે આતંકીઓએ પોરબંદરથી બોટનો ઉપયોગ કરી ખેલનો અંજામ પાડ્યો હતો. આ અગાઉ પણ ગોસાબારા આરડીએક્સ લેન્ડીંગ પ્રકરણને લઈ આતંકી પ્રવૃતિના પાયા નંખાયા હતા તે જગજાહેર છે ત્યારે ફરી ગુજરાત હાઈ એલર્ટ પર છે એવા સંજોગોમાં સરળ રસ્તો સૌરાષ્ટ્રનો દરિયો છે કે જ્યાંથી બેરોકટોક આતંકીઓ ઘુસી શકે છે. પુલવામાના આટલા મોટા હુમલા પછી માછીમાર બોટ એસસોસિએશને કરેલા ગંભીર આક્ષેપો છતા તંત્ર તો સબસલામતનાં દાવા કરી રહ્યું છે.

ચેડા થશે તો

● અનુસંધાન પહેલાનું ચાલુ

કામ કરશે. અબ્દુલ્લાએ કહ્યું હતું કે જમ્મુ કાશ્મીરમાં પાંચ વર્ષ બાદ ચૂંટણી કરાવવા કાશ્મીરની સ્થિતિથી મોદી માટે મુશ્કેલી થઈ શકે છે. ઉંમર અબ્દુલ્લાએ એમ પણ કહ્યું છે કે, રાજ્યમાં સ્થિતિ હાલમાં જટિલ બનેલી છે. આવી સ્થિતિમાં ઉપએ સાથે કોઈપણ ચેડા કરવાની સ્થિતિ ખતરનાક સ્થિતિ ઉભી થઈ શકે છે. રાજકીય સંગઠનો અને ડેમોગ્રાફીમાં ફેરફારને લઈને કલમ ૩૫એને દૂર કરવાની સામે વાંધો ઉઠાવી રહ્યા છે. ઉંમરે કહ્યું છે કે, કોઈ ચેડા કરાશે તો સ્થિતિ વધારે ગંભીર બનશે. આ કોઈ ધમકી નથી પરંતુ તેઓ કહેવા માંગે છેકે, ચેતવણી સમાન છે. અરુણાચલ જેવી સ્થિતિ સર્જાઈ શકે છે.